**જન્મદિને વધામણી**



**અશ્વિનકુમાર એમ વ્યાસ**
નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ડિરેક્ટર, સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડિટ સોસા.
મો. ૯૮૨૪૩ ૬૧૨૯૧



**વિલાસબેન હસમુખભાઈ શાહ**



**આલીયા મુલતાની**
મો. ૯૯૯૮૭ ૨૭૫૯૪



**જાહ્નવીબા નરેન્દ્રસિંહ મકવાણા**
મો. ૯૬૩૮૬ ૮૨૭૧૯

# યુવાઓ દ્વારા યુવાનીનો સકારાત્મક પરિચય







પહેલાં સરકારી કર્મચારીઓના નગર તરીકે ઓળખાતું, પછી સાંસ્કૃતિક નગર તરીકે ઓળખ પામેલું ગાંધીનગર શહેર હવે સેવાભાવીઓના શહેર તરીકે પણ ઓળખ કાઢી રહ્યું છે. પહેલાં એવું કહેવાતું, અલબત્ત અમે જ લખી ગયા છીએ કે સામાજિક કાર્યો માટે આ શહેરમાં નિવૃત્તો જેટલા પ્રવૃત્ત છે એટલું બીજું કોઈ પ્રવૃત્ત નથી. પરંતુ, કદાચ એ મહેણું યુવાનોએ સકારાત્મકતાથી લીધું ને આજે એ સ્થિતિ છે કે અહીં યુવાનો પણ સમાજસેવામાં ભરપૂર પ્રવૃત્ત થઈ ગયા છે. અને યુવાન હોવાના નાતે એમણે સેવાનાં ક્ષેત્રો અને રસ્તાઓ પણ એવા પસંદ કર્યા છે કે આપણને માન ઉપજે. આવો જ એક કાર્યક્રમ યુનિકૉર્ન ક્લબ દ્વારા રવિવારે સવારે આયોજિત કરવામાં આવ્યો હતો. ક્લબના સભ્યોએ બલરામ ભવન, સૅક્ટર-૧૨ ખાતે સવારથી બપોર સુધી રક્તદાન કૅમ્પ યોજ્યો ને સમાજને કંઈક અર્પણ કરવાનો આનંદ પ્રાપ્ત કર્યો. આ કાર્યક્રમમાં વળી યુવા વિદ્યાર્થીઓનો સહકાર પણ ખૂબ સારો મળ્યો. ઍલડીઆરપી, આઈટીઆર, ગાંધીનગર મૅડિકલ કૉલેજ, હૉસ્ટેલના વિદ્યાર્થીઓ રક્તદાન કરવા આવ્યા, ઘણાએ તો પહેલીવાર રક્તદાન કર્યું. ૧૮ વર્ષના યુવાનથી માંડીને ૫૬ વર્ષના વયસ્ક સુધીના નાગરિકોએ રક્તદાન કર્યું. ૫૬ બૉટલ રક્ત એકત્ર થયું. આ સેવાકાર્ય માટે કિસાન સંઘના રાષ્ટ્રીય મંત્રી અંબુભાઈ પટેલ દ્વારા સ્થાન સૌજન્ય અર્પણ કરીને સહયોગ આપવામાં આવ્યો હતો. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
ટારઝન (૩ડી, અંગ્રેજી)
૨.૪૫, ૭.૪૫
ટારઝન (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
જુનૂનિયત
૧૦.૦૦, ૧.૦૦
દાવ થઈ ગયો યાર (ગુજરાતી)
૪.૦૦, ૧૦.૦૦
રમણ રાઘવ
૭.૦૦

**સ્ક્રીન-૫**
શોરગુલ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
જુનૂનિયત
૬.૪૫

### ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા

# શબ્દસભાના ઉપક્રમે કવિ સંમેલન યોજાયું



ગાંધીનગર, તા. ૩

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અમદાવાદ ખાતે શબ્દસભાના ઉપક્રમે કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્કૃતિ હૉલ, રવિશંકર રાવળ કલાભવન, ઍલિસબ્રિજ ખાતે આયોજિત આ કવિ સંમેલનના અધ્યક્ષ સ્થાને ચિનુ મોદી ઉપસ્થિત રહ્યા હતા. કવિગણમાં જયંત ડાંગોદરા, તથાગત પટેલ, રાધિકા પટેલ, રમેશ દરજી, યોગેશ ભટ્ટ, પાર્થ પ્રજાપતિ, યજ્ઞેશ વ્યાસ, કિશોર પંડ્યા, અક્ષય દવે, પ્રતાપસિંહ ડાભી, આગમ શાહ ઉપસ્થિત રહ્યા હતા. દરેક કવિએ સ્વરચિત કવિતાનો પાઠ કર્યો હતો. કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, કવિ માધવ રામાનુજ, ઈતિહાસકાર મકરંદ મહેતા તથા કાવ્યના ભાવકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ સંયોજક તરીકે કવિ મનિષ પાઠક 'શ્વેત' દ્વારા ભૂમિકા અદા કરવામાં આવી હતી.

# પુસ્તક પરબમાં આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓને જરૂરી પુસ્તકોની ભેટ



ગાંધીનગર, તા. ૩

ગુજરાતી સાહિત્યના પ્રચાર-પ્રસાર અર્થે માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે ઘ-૫ સર્કલે યોજાય છે. જુલાઈ માસના પ્રથમ રવિવારે યોજાયેલી પુસ્તક પરબનો લાભ ૨૦૦ જેટલા પુસ્તકપ્રેમીઓએ લીધો હતો અને પરબમાંથી પુસ્તક તથા મૅગેઝીન પ્રાપ્ત કર્યાં હતાં.

પુસ્તક પરબને તુષાર શાહ, ડૉ. ધરતી શાહ, દિપક સક્સેના, મહેન્દ્ર પુરોહિત અને અન્ય સાહિત્યપ્રેમીઓ તરફથી વિપુલ પ્રમાણમાં પુસ્તકો ભેટમાં મળ્યાં હતાં. જાણીતા સિવિલ સર્જન ડૉ. પરેશ વૉરા, ડૉ. મયુરી વૉરા, આરટીઆઈ કમિશનર વી એસ ગઢવી, સુવિકના ડિરેક્ટર પરાગ પંડ્યા, લેખક થાનકી, નિવૃત્ત આઈએઍસ ઍચ બી વરિયા પુસ્તક પરબમાં ઉપસ્થિત રહ્યા હતા.

સૅક્ટર-૩૦ ખાતે કાર્યરત આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓ 'ગાંધીનગર સમાચાર'માં પ્રકાશિત પ્રેસ નોંધને આધારે ખાસ પુસ્તક પરબમાં આવ્યા હતા. પ્રજ્ઞાબેન પટેલે અંગત રસ લઈ આ બાળકોને જરૂરી પુસ્તકો શોધી આપતાં બાળકો રાજીના રેડ થઈ ગયા હતા.

પુસ્તક પરબને ધમધમતી રાખવા કિશોર જીકાદરા, આશાબેન સરવૈયા, દિશાન્ત ગર્ગ, સાહિલ, ધાર્મિક, રોહા પરમાર, રમેશચંદ્ર શ્રીમાળી, રણછોડ પરમાર, સંજય થોરાત ઉત્સાહભેર કાર્ય કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે પુસ્તક પરબના કાર્યકરો માટે અશોક ત્રિવેદી પ્હાની પરબ ચલાવે છે. પુસ્તકપ્રેમીઓએ એકવાર પુસ્તક પરબનો લાભ લેવા જેવો છે.

# જીએનએલયુ ખાતે જીઆઈએએન કોર્સ સપ્ટેમ્બરમાં યોજવામાં આવશે

## લૉ, મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ અને સ્પેસ રીસર્ચ ઓર્ગનાઈઝેશનના સાયન્ટિસ્ટ, પ્રાધ્યાપકો લાભ લઈ શકશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરની ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે કેન્દ્ર સરકારના માનવ સંશાધન મંત્રાલયની ગ્લોબલ ઈનિશિએટીવ ઓફ એકેડેમિક નેટવર્ક સ્કીમ અંતર્ગત જીઆઈએએન કોર્સનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કોર્સ તા. ૧લી થી ૯મી સપ્ટેમ્બર દરમ્યાન 'ઈન્ટરનેશનલ લીગલ એન્ડ બીઝનેસ રિસ્ક મેનેજમેન્ટ : એથિક્સ એન્ડ રેપ્યુટેશન મેનેજમેન્ટ વીથ કમ્પેરેટીવ કેસ સ્ટડીઝ' વિષયે યોજાશે. આ કોર્સ ડૉ. લિન્ડા એસ. સ્પેડીંગ સંભાળી રહ્યાં છે જેઓ ઈંગ્લેન્ડ એન્ડવેલ્સના સોલીસિટર તથા આંતરરાષ્ટ્રીય એડવોકેટ છે. તેઓ વુમન ઈન લૉ ઈન્ટનેશનલ-વીલના પણ ફાઉન્ડર છે. આ કોર્સનો એલએલબી, એલએલએમ, મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ અને સ્પેસ રીસર્ચ ઓર્ગનાઈઝેશનના સાયન્ટિસ્ટ તથા પ્રાધ્યાપકો લાભ લઈ શકે છે.

### સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા મંગળવારે અમદાવાદમાં

# સાહિત્ય અને યુવા ગૌરવ પુરસ્કાર સમારોહ યોજાશે

## સંસ્કૃત ગરબા, નાટક, રાસની પ્રસ્તુતિ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૩

સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા તા. ૫ જુલાઈ, ૨૦૧૬, મંગળવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે ટાગર હૉલ, પાલડી, અમદાવાદ ખાતે વેદશાસ્ત્ર પારંગત સુસંસ્કૃત પંડિત સન્માન, સાહિત્ય ગૌરવ પુરસ્કાર, યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ સમારંભ તથા સંસ્કૃત ભાષા પરિવાર સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્યના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી ઉપસ્થિત રહેશે.

મુખ્ય અતિથિ તરીકે રાજ્યના સાંસ્કૃતિક મંત્રી નાનુભાઈ વાનાણી તથા અતિથિ વિશેષ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ વી પી પટેલ ઉપસ્થિત રહેશે. વિશેષ ઉપસ્થિતિ સંસ્કૃત ભારતીના અધ્યક્ષ ડૉ. કૃષ્ણપ્રસાદ નિરુલ્લાની રહેશે. આ પ્રસંગે સંસ્કૃત ગરબા, રાસ, નાટક જેવા કાર્યક્રમોની પ્રસ્તુતિ પણ કરવામાં આવશે.

# ગુરુવારે અમદાવાદ ખાતે ઓમ કોમ્યુનિકેશન દ્વારા વ્યાખ્યાન યોજાશે

## 'ભૃગુરાયની સૌન્દર્ય દૃષ્ટિ' વિષયે કવિ, વિવેચક, સાહિત્યકાર ચંદ્રકાન્ત ટોપીવાળા વકતવ્ય આપશે

ગાંધીનગર, તા. ૨

ઓમ કોમ્યુનિકેશન દ્વારા તા. ૭ જુલાઈ ૨૦૧૬ ગુરુવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે, ગોવર્ધનસ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે સાહિત્ય સંશોધક, વિવેચક ભૃગુરાય દુર્લભજી અંજારિયાની ૩૭મી પુણ્યતિથિ નિમિત્તે 'ભૃગુરાયની સૌન્દર્ય દૃષ્ટિ' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

'ભૃગુરાયની સૌન્દર્ય દૃષ્ટિ' વિષયે કવિ, વિવેચક, સાહિત્યકાર ચંદ્રકાન્ત ટોપીવાળા વકતવ્ય આપશે. ચંદ્રકાન્ત ટોપીવાળા હાલમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે સેવાઓ આપે છે.

ઓમ કોમ્યુનિકેશનના મેનેજીંગ ટ્રસ્ટી, કવિ મનીષ પાઠક 'શ્વેત' જણાવે છે કે 'છેલ્લા બે વર્ષથી દર મહિને સાહિત્યકાર, કવિના, જન્મદિન/પુણ્યતિથિએ વ્યાખ્યાનનું આયોજન થાય છે, આજની પેઢી અને એમાંય ખાસ યુવા પેઢીની આપણા સાહિત્યકારોના સર્જન પર વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી નિયમિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.'

# ભગવાન, આવા ભગવાન જેવા પાડોશી સૌને આપે

**સંવેદના**
**મારા પ્રેમાળ પાડોશી**

'પહેલો સગો તે પાડોશી' એ મારો સ્વાનુભવ છે. મારા પતિ સરકારી અધિકારી હોવાને કારણે અમે ભાવનગર, આદિપુર, નડીઆદ, રાજકોટ વગેરે ઘણાં શહેરોમાં રહ્યા છીએ અને ઈશ્વરકૃપાથી બધી જ જગ્યાએ અમને સ્વજનની ગરજ સારે તેવા પાડોશીઓ મળ્યા છે.

ખાસ તો અમે રાજકોટ ૧૪ વર્ષ રહ્યા ત્યાં અમને એટલા પ્રેમાળ પાડોશી મળ્યા કે આજે ૧ વર્ષ બાદ પણ તેઓની યાદ આવતાં આંખોમાંથી અશ્રુ સરી પડે છે. અમે આંગન ઍપાર્ટમેન્ટમાં રહેતા, ત્યાં અમારું ૭ પરિવારોનું ગ્રુપ હતું, જાણે તારક મહેતા...ની ગોકુલધામ સોસાયટી! અમે અરસપરસ એવી રીતે જોડાયેલા હતા કે દરેક તહેવાર કે રવિવારે સાથે જ જમીએ, હસીમજાક કરીએ. રાત્રે કંપાઉન્ડમાં બેસવાનો અમારો નિત્યક્રમ. દરેક મૅમ્બરની લગ્નતિથિ, વર્ષગાંઠ ઉજવતા. કેવા સુવર્ણ દિવસો હતા!

મને દરેક તહેવાર કે પ્રસંગે મારા આ પાડોશીઓની બહુ જ યાદ આવે છે. અમારા પાડોશી એટલે અડધી રાતનો હોંકારો. અહીં ૧ વર્ષથી ગાંધીનગરમાં છીએ પણ તેઓની યાદ દિલોદિમાગથી હટતી નથી, એ સૌ પાડોશીઓની ખોટ ખૂબ સાલે છે.

**- દિના એ મકવાણા**
**કુડાસણ**

મારા જીવનમાં જે જે પ્રેમાળ પાડોશી મળ્યા તેમને હું પરમેશ્વર સ્વરૂપે જોઉં છું.

૧૯૫૪ની સાલમાં મારી ઉંમર ૧૦ વર્ષની. પિતાજી પાંચ પુત્રો ગુમાવ્યા, તેમનું મકાન ભાઈએ દગો કરી બીજાને વેચી દીધું અને ધંધામાં ખોટ આવી એટલે ગાંડા થઈ ગયા.

ઘરમાં મારી આટલી નાની ઉંમરમાં પૂરો ઘરખર્ચ કેવી રીતે કાઢવો તે વિકટ સમસ્યા. આવી દુખની ઘડીમાં ઝેવિયર્સ કૉલેજના માનસ શાસ્ત્રના અધ્યાપક રજનીભાઈ તેમના બા પૂ. ચંચળા, દમયંતિ-ભાભીએ ખૂબ હૂંફ અને હિંમત આપી. તેમના ઘર આગળ મ્યુનિ. લાઈટ હતી, ૨૦ નંબરનો ઝાંખો લાઈટનો પ્રકાશ, ત્યાં મોડી રાત સુધી બેસી અમે કામ કરતા. સમૂહમાં બેસી બૂટની દોરી આગળની પતરી પકડથી વાળી ચાર હોલ પાડવાનું કામ કરીએ. એક શેર પતરી વાળવાના આઠ આના મળે અને મૈસૂરી સોપારીના ૧૨ ડઝન પૅકેટના ૧૪ આના મળે. આમાં ચાર જીવોનું પોષણ કરવાનું અને ભણવાનું તો ખરું જ. આવા કપરા કાળમાં આર્થિક મદદ કરે તો કરે જ, પણ માનસિક હૂંફ પણ ખૂબ આપે.

મારાં લગ્ન ૧૯૬૬માં આર્ય સમાજમાં કરેલા ત્યારે મહેંદી, અળતો મૂકી સરસ તૈયાર કરવામાં દમયંતિ ભાભીએ ખૂબ સાથ આપ્યો અને તેમનાં નણંદ દક્ષાબેન લગ્ન પ્રસંગમાં છેક સુધી હાજર રહ્યાં.

મારી પહેલી પ્રસૂતિ વખતે દવાખાનામાં પણ સતત હાજર રહ્યાં અને મારા ઘરમાં તો માંડ એક પથારી સમાય એવડી જગ્યા, ત્યારે પૂ. ચંચળબાએ બે રૂમ ૪૫ દિવસ સુધી ફાળવી આપેલા. આવા પાડોશીને હું કેમ કરીને ભૂલું!

બીજા મારા પાડોશી પૂ. વાસુદેવ-ભાઈ સોમપુરા ને તેમનો પરિવાર. સૅક્ટર-૧૬માં ચ ટાઈપનાં મકાનોમાં અમે રહેતા હતા. સંજોગોવશાત જોડિયાં બાળકોની પ્રસૂતિ સમય કરતાં વહેલી થઈ ત્યારે પણ વહેલી પરોઢિયે કારમાં અમદાવાદ હૉસ્પિટલ લઈ ગયા અને છેક સુધી મારી સાથે રહ્યા. અને પૂ. લલિતાબા જમવા સિવાય સતત મારી સાથે રહેતાં. આજે પણ તેમના પુત્ર ડૉ. રાજેન્દ્ર સોમપુરા કે જેઓ નામાંકિત ઍનેસ્થેટિસ્ટ છે, તેઓ જરૂર પડ્યે દોડી આવે છે.

ત્રીજા મારા તેજસ સોસાયટીના પાડોશી ગોવિંદભાઈ ઘાટે અને તેમનો પરિવાર, દિલીપભાઈ દેસાઈ અને પરિવાર. મારા પતિ સુધાકર શાસ્ત્રીને બ્રેઈન હેમરેજનો સિવિયર ઍટેક આવ્યો ત્યારે આ પ્રેમાળ પાડોશીઓ ઑફિસ જવાનું ટાળીને ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તેમને હૉસ્પિટલ લઈ ગયા ને સમયસરસની સારવારથી મારા પતિ ઉગરી ગયા.

ભગવાન આવા ભગવાન જેવા પાડોશી સૌને આપે તેવી પ્રાર્થના.



**- ભાનુમતી સુધાકર શાસ્ત્રી**
**સૅક્ટર-૨૩**

અમે જૂના સૅક્ટરમાં રહેતા ત્યારે અમારી સામે વિજયાબેન માળી રહેતાં. તેઓ ભગવાનને ચડાવવા માટેનાં ફૂલનાં પડીકાં બનાવી લોકોને ઘેર-ઘેર આપવા જતાં. તેઓ સામે રહે અને ઘરનું ધ્યાન રાખે. અમારા ઘરનું, બાળકોનું પણ ધ્યાન રાખે અને સંભાળ રાખે. અમે પતિ-પત્ની બંને નોકરી કરતા. મારી નોકરીનો સમય તો ફિક્સ હતો પણ પતિનો સમય અનિશ્ચિત હતો. દિવસ પાળી, રાત પાળી, ક્યારેક તો ચોવીસ કલાકે ઘરે આવે. છતાં વિજયાબેનની હૂંફને કારણે હું મારા બાળકોનો ઉછેર સારી રીતે કરી શકી. તેમના સાથ-સહકાર અને પ્રેમના બળે અમને કોઈ તકલીફ ન પડી.

અમારે અવારનવાર બહારગામ જવાનું થાય ત્યારે પણ તેઓ ઘરનું સતત ધ્યાન રાખે, બાળકો પણ એમના જ ઘરે રહે, જમી લે, સૂઈ પણ જાય. અમારાં બાળકો ક્યારે મોટાં થઈ ગયાં એની અમને જ ખબર ન પડી.

આજે પણ મને એ પ્રેમાળ પાડોશી વિજયાબેનનો લાગણીસભર સ્વભાવ ખૂબ જ યાદ આવે છે, તેમને મારા કોટિ-કોટિ વંદન.

**કોકિલા જયપ્રકાશ ભટ્ટ**
**સૅક્ટર-૮ બી**

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**'મારી સ્નેહાળ સખી'**